**માર્ગ અને મકાન**

## માર્ગ અને મકાન વિભાગ માટે કુલ ₹૨૨,૧૬૩ કરોડની જોગવાઈ

રાજમાર્ગો લોકોની સુખાકારી તથા રાજયના વિકાસ માટે ધોરી નસ સમા છે. રાજયે અંતરિયાળ વિસ્તારથી માંડી વિકાસના કેન્દ્રો સમા ઔધોગિક વસાહતો, બંદરો, શહેરો અને પર્યટન સ્થળો સુધી રસ્તાઓની જાળ પાથરેલ છે. જુદા જુદા પ્રકારના રસ્તાઓના બાંધકામ તેમજ તેની યોગ્ય જાળવણી કરી પરિવહન તંત્રને સુદ્રઢ કરવાની સરકારની નેમ છે. આગામી સમયમાં રસ્તાઓની ગુણવત્તા, હયાત બ્રિજની ચકાસણી તથા સુદ્રઢીકરણ અને વધુ ટ્રાફિક ધરાવતા વિસ્તારો માટે હાઈ સ્પીડ કોરિડોરનું નિર્માણ કરવાની સરકારની પ્રાથમિકતા છે.

**પ્રગતિ હેઠળના કામો:**

- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કામો માટે **₹૫૦૦૦ કરોડ**ની જોગવાઇ.
- દરિયા કાંઠે આવેલ હયાત રસ્તાઓનું મજબૂતીકરણ/અપગ્રેડેશન/ ખૂટતીકડીના રસ્તાઓ અને નાના મોટા પુલના બાંધકામ સહિતના કોસ્ટલ હાઇવે માટે **₹૨૪૪૦ કરોડ**ના આયોજન અન્વયે પ્રથમ અને બીજા તબક્કાના કુલ ૪૬ રસ્તાઓ અને પુલો માટે **₹૯૭૯ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ. જેના માટે **₹૨૧૬ કરોડ**ની જોગવાઈ.
- સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતાનગર)ને જોડતા પ્રથમ અને બીજા તબક્કાના રસ્તાઓ માટે **₹૨૮૪ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ. જેના માટે **₹૧૦૦ કરોડ**ની જોગવાઈ.
- અંદાજિત **₹૧૬૦૦ કરોડ**ના ખર્ચે બનનાર પરિક્રમા પથના બાંધકામ માટે **₹૩૧૮ કરોડ**ની જોગવાઈ.
- ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને હાઈસ્પીડ કોરીડોર તરીકે અંદાજિત **₹૩૧૦૦ કરોડ**ના ખર્ચે વિકસાવવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. આ નિર્ણયના ભાગરૂપે વટામણ – પીપળી, સુરત – સચિન – નવસારી, અમદાવાદ – ડાકોર, ભુજ –ભચાઉ, રાજકોટ – ભાવનગર, મહેસાણા – પાલનપુર સહિત ૬ હાઇસ્પીડ કોરીડોર વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. જેના માટે **₹૨૨૨ કરોડ**ની જોગવાઈ.

- દ્વારકા, શિવરાજપુર, પાવાગઢ, જાંબુઘોડા, ધોરડો, ધોળાવીરા, ધરોઈ, વડનગર, સાસણ, એકતાનગર વગેરે ટુરિસ્ટ સર્કિટને જોડતાં કુલ ૧૭ રસ્તાઓના વિકાસ માટે **₹૫૬૮ કરોડ**નું આયોજન. જેના માટે **₹૫૨૬ કરોડ**ની જોગવાઈ.
- જૂના પુલોના પુન: બાંધકામ, મજબુતીકરણ, મરામત અને રેટ્રોફિટીંગના **₹૫૩૦ કરોડ**ના કામો માટે **₹૨૭૦ કરોડ**ની જોગવાઈ.
- મહાનગરો, બંદરો, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૧૪ રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની **₹૧૧૫૯ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ.
- ઔદ્યોગિક વિસ્તારને જોડતા ૮૮ કિલોમીટરના ચાર રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની **₹૮૪૩ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની **₹૧૭૪૯ કરોડ**ની અંદાજિત કિંમતની કામગીરી અન્વયે રાજ્યના ૩૦૧૫ કિલોમીટરના ગ્રામ્ય માર્ગોની ૬૬૦ કિ.મી.ની કામગીરી પ્રગતિ હેઠળ. જેના માટે **₹૬૦૦ કરોડ**ની જોગવાઈ.
- વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ આદિજાતિ વિસ્તારમાં ગામમાંથી શાળા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધીના પાકા રસ્તા અને પુલો માટે **₹૨૪૬ કરોડ**ની જોગવાઇ.
- **₹૯૬૨ કરોડ**ના ખર્ચે ઓખા અને બેટ દ્વારકાને જોડતા ચાર માર્ગીય કેબલ સ્ટેઇડ સિગ્નેચર બ્રિજની કામગીરી પૂર્ણતાને આરે.
- ફાટક મુકત અભિયાન અંતર્ગત રેલ્વે ક્રોસીંગ પર ઓવરબ્રીજ બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે રેલ્વે ક્રોસીંગો પર આર.ઓ.બી.ની કામગીરી અન્વયે **₹૨૮૪૭ કરોડ**ના ખર્ચે કુલ ૪૯ કામો પ્રગતિ હેઠળ.
- ભરૂચ દહેજ રસ્તા પર **₹૪૨૦ કરોડ**ના ખર્ચે ભોળાવ જંક્શનથી શ્રવણ જંકશન સુધી છ માર્ગીય એલીવેટેડ કોરીડોરની કામગીરી પ્રગતિ હેઠળ.
- કીમ-માંડવી રાજ્ય ધોરીમાર્ગ-૬૫ ના રસ્તાને વિકસાવવા માટે **₹૨૦૦ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ.
- હિંમતનગર બાયપાસના રસ્તાને **₹૭૫ કરોડ**ના ખર્ચે ચાર માર્ગી કરવાની કામગીરી પ્રગતિ હેઠળ.
- ગાંધીનગર-કોબા-એરોડ્રામ રોડ પર રાજસ્થાન સર્કલ ખાતે કેબલ સ્ટેઇડ ઓવરબ્રીજનું **₹૧૩૬ કરોડ**નું કામ પ્રગતિ હેઠળ.
- સાબરમતી નદી પર સાદરા ગામ પાસે બ્રીજ બાંધવાનું **₹૮૯ કરોડ**નું કામ પ્રગતિ હેઠળ.
- ગાંધીનગર-પેથાપુર મહુડી રોડમાં ફ્લાય ઓવર, રસ્તાનું ચાર માર્ગીયકરણ અને જંક્શન સુધારણા માટે **₹૧૨૫ કરોડ**નું કામ પ્રગતિ હેઠળ.

**નવા કામો :**

- અંદાજિત **₹૨૦૦૦ કરોડ**ના ખર્ચે રાજ્યના કોર રોડ નેટવર્કમાં સમાવિષ્ટ રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન, વાઇડનીંગ અને મજબુતીકરણની કામગીરી માટે **₹૭૦૦ કરોડ**ની જોગવાઈ.
- અંદાજિત **₹૧૨૦૦ કરોડ**ના ખર્ચે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન, વાઇડનીંગ અને મજબુતીકરણની કામગીરી માટે **₹૪૫૦ કરોડ**ની જોગવાઈ.
- અંદાજિત **₹૮૦૦ કરોડ**ના ખર્ચે રાજ્યના બંદરોને જોડતા હયાત રસ્તાઓની સુધારણા, વાઇડનીંગ તથા મજબુતીકરણ, સ્ટ્રકચર અને રોડ સેફટી સંબંધિત કામગીરી માટે **₹૩૦૦ કરોડ**ની જોગવાઈ.

**બંદરો અને વાહનવ્યવહાર**

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગ માટે કુલ ₹૩૮૫૮ કરોડની જોગવાઇ**

નાગરિકોને ઝડપી, સુરક્ષિત અને પર્યાવરણને અનુકૂળ વાહનવ્યવહાર સેવા પૂરી પાડવા સરકાર અવિરત કાર્ય કરી રહી છે. બસ પરિવહનની સગવડો વધારવા સરકાર પ્રયત્નશીલ છે. લોથલ ખાતે વિશ્વ કક્ષાનું નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) વિકસાવવામાં આવી રહ્યું છે.

રાજ્યના વિશાળ દરિયાકિનારે કેમિકલ પોર્ટસ, કન્ટેનર પોર્ટસ તેમજ વિશ્વના સૌથી મોટા શિપ રિસાયકિલંગ યાર્ડ્સને કારણે ગુજરાતનું દરિયાઇ વ્યાપાર ક્ષેત્ર અગ્રેસર રહ્યું છે. રાજ્યમાં આવેલ પાંચ એલ.એન.જી. ટર્મિનલ સાથે વિશ્વના પ્રથમ સી.એન.જી. પોર્ટ્સની સ્થાપના કરી નેચરલ ગેસ આયાતમાં ગુજરાતે દેશમાં મોખરાનું સ્થાન સુનિશ્ચિત કરેલ છે.

- ભવિષ્યને ધ્યાનમાં રાખીને, અલંગમાં રિસાયકિલંગ ક્ષમતા હાલના ૪.૫ મિલિયન એલ.ડી.ટી. (લાઇટ ડિસ્પ્લેસમેન્ટ ટનેજ)થી બમણી કરીને ૯ મિલિયન એલ.ડી.ટી.થી કરવામાં આવશે.
- નવીન બસો ખરીદવા માટે **₹૭૬૮ કરોડ** ની જોગવાઇ.
- ઇ-વ્હિકલને સબસીડી આપવા માટે **₹૨૧૮ કરોડ**ની જોગવાઇ.
- બસ સ્ટેશનના આધુનિકીકરણ તથા સ્વચ્છતાના હેતુસર **₹૧૧૮ કરોડ**ની જોગવાઈ.
- પ્રદૂષણ ઘટાડવા અને નવિનીકરણ ઊર્જાના સ્ત્રોત વધારવા વાહનવ્યવહાર નિગમ દ્વારા તબક્કાવાર ૧૦૦ મેગા વોટના સોલાર પાર્કની સ્થાપના કરવાનું આયોજન.